# ગુજરાત જાહેર સેવા આયોગ

## છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

### અગત્યની જાહેરાત

### જા.ક્ર.૭૨/૨૦૧૯-૨૦, ડેન્ટીસ્ટ્રી વિષયના સહ-પ્રાધ્યાપક (વર્ગ-૧) ની જાહેરાતની જગ્યાઓમાં ફેરફાર બાબત

**આર- ૨ શાખા**

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની તબીબી શિક્ષણની જુદા જુદા વિષયોની સહ-પ્રાધ્યાપક (વર્ગ-૧) સંવર્ગની સીધી ભરતીની જાહેરાત જા.ક્ર. ૫૨ થી ૮૧/૨૦૧૯-૨૦,આયોગ દ્વારા તા. ૨૫/૧૦/૨૦૧૯ ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તત્કાલીન સમયે વિભાગ દ્વારા આ જગ્યાઓની સંખ્યામાં નિવૃત્તિ, રાજીનામા કે બઢતી આપવા અથવા બીજા કોઈ પણ કારણસર વધ કે ઘટ થાય તેવી સંભાવના રહેશે તેમ જણાવવામાં આવેલ.તદ્‌નુસાર આયોગ દ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરાતોમાં આ જોગવાઇનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૨. ઉપર્યુક્ત જાહેરાતો પૈકી જા.ક્ર.૭૨/૨૦૧૯-૨૦, ડેન્ટીસ્ટ્રી વિષયના સહ-પ્રાધ્યાપક (વર્ગ-૧)ની જાહેરાતમાં મૂળ માંગણીપત્રકમાં દર્શાવેલ જગ્યાઓ મુજબ કુલ ૦૫ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં મોકલી આપવામાં આવેલ તા. ૦૭/૦૯/૨૦૨૧ ના રોજની દરખાસ્તને આયોગ દ્વારા ધ્યાને લઇ સંમતિ આપતા મૂળ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓમાં હવે ૦૨ જગ્યાનો ઘટાડો થતાં **હવે કુલ ૦૩ જગ્યાઓ** ધ્યાને લેવાની રહે છે અર્થાત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ સંખ્યા મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. અન્ય બાબતો મુળ જાહેરાત મુજબ રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | | | 3 | | | | |
| | સામાન્ય | EWS | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | EWS | સા.અને શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

-Sd-

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

તા. ૦૯/૦૯/૨૦૨૧